# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

******************************************************

1) **કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, સિંધુ જળ સંધિ મોકૂફ રાખવાથી રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશના ખેડૂતોને લાભ થશે.**
2) **સર્વોચ્ચ અદાલતે જણાવ્યું, અધિક ન્યાયાધીશો સહિત વડી અદાલતોના તમામ ન્યાયાધીશો પેન્શન અને સેવાનિવૃત્ત લાભ મેળવવાના હકદાર.**
3) **પંજાબ પોલીસે ભારતીય સેનાની માહિતી પાકિસ્તાનની I.S.I.ને મોકલનારા બે શંકાસ્પદ જાસૂસની ધરપકડ કરી.**
4) **પાકિસ્તાનમાં બલૂચિસ્તાન પ્રાન્તમાં કારમાં થયેલા બૉમ્બ વિસ્ફોટમાં ચાર લોકોના મોત, અંદાજે 20 લોકો ઈજાગ્રસ્ત.**
5) **ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સનો આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે પ્રારંભ.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# SHIVRAJ INDUS WATER TREATY

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, 'સિંધુ જળ સંધિને મુલતવી રાખવાથી રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશના ખેડૂતોને ઘણો લાભ થશે.' નવી દિલ્હીમાં દેશભરના ખેડૂતોના વિવિધ સમૂહ સાથેની વાતચીત દરમિયાન શ્રી સિંહે આ મુજબ જણાવ્યું.

(BYTE- SHIVRAJ SINGH CHAUHAN ON SINDHO TREATY)

શ્રી ચૌહાણે ઉમેર્યું, ભવિષ્યમાં આ જળના ઉપયોગ અંગે એક વ્યાપક વ્યૂહરચના બનાવવામાં આવશે, જેનાથી તમામ લોકોને મહત્તમ લાભ મળી શકે. તેમણે સિંધુ જળ સંધિને મુલતવી રાખવાના નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો. તેમણે કહ્યું, પાકિસ્તાનને પાણી આપવું એ ભારતીય ખેડૂતો સાથે અન્યાય છે.

# HM OCI PORTAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં નવા ઑવરસીઝ સિટિઝન ઑફ ઇન્ડિયા- O.C.I. પૉર્ટલનો શુભારંભ કરાવ્યો. હાલની ખામીઓ દૂર કરવા અને ઉપયોગકર્તાના અનુભવને વધુ સારો બનાવવા આ પૉર્ટલ શરૂ કરાયું છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું, ગત એક દાયકામાં મહત્વપૂર્ણ ટેક્નોલૉજીના વિકાસ અને O.C.I. કાર્ડધારકો તરફથી મળેલી પ્રતિક્રિયા બાદ નવું O.C.I. પૉર્ટલ તૈયાર કરાયું છે.

# SC JUDGES PENSION

સર્વોચ્ચ અદાલતે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું કે, અધિક ન્યાયાધીશો સહિત વડી અદાલતોના તમામ ન્યાયાધીશો સંપૂર્ણ પૅન્શન અને સેવાનિવૃત્ત લાભ મેળવવાના હકદાર છે. સર્વોચ્ચ અદાલતે આજે કહ્યું, અદાલતોના પૂર્વ મુખ્ય ન્યાયાધીશોને પૅન્શન તરીકે દર વર્ષે 15 લાખ રૂપિયા મળશે. આ આદેશનું પાલન નહીં થાય તો તેને બંધારણના અનુચ્છેદ 14 હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈ અને ન્યાયમૂર્તિ ઑગસ્ટીન જ્યૉર્જ મસીહની પીઠે કહ્યું, ન્યાયાધીશોની નિમણૂક ગમે તે સમયે થઈ હોય અને તેઓ અધિક ન્યાયાધીશ તરીકે સેવાનિવૃત્ત થયા હોય કે પછી કાયમી થયા હોય એ તમામને પૅન્શન અપાશે.

ન્યાયાલયે જણાવ્યું, ન્યાયાધીશોમાં તેમની નિમણૂકનો સમય અથવા તેમના પદના આધારે ભેદભાવ કરવો એ મૂળ અધિકારોનું ઉલ્લંઘન ગણાશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું, વડી અદાલતના દિવંગત અધિક ન્યાયાધીશોના પરિવારજનોને પણ કાયમી ન્યાયાધીશોના પરિવારજનોની જેમ સમાન પૅન્શન અને સેવાનિવૃત્ત લાભ મળશે.

# SC VODAFONE IDEA

સર્વોચ્ચ અદાલતે આજે ટૅલિકૉમ કંપની વૉડાફૉન આઈડિયા અને ભારતી ઍરટૅલ દ્વારા દાખલ કરાયેલી અરજીઓને ફગાવી દીધી છે. આ અરજીઓમાં કંપનીની સમાયોજિત કુલ આવક- A.G.R. લેણાં સંબંધિત વ્યાજ, દંડ અને દંડના ઘટકો પર વ્યાજ ચૂકવવામાંથી મુક્તિની માગ કરવામાં આવી હતી. આ એ રકમ છે, જે દૂરસંચાર વિભાગ દ્વારા દૂરસંચાર સંચાલકોને તેમના સ્પેક્ટ્રમ ઉપયોગ ખર્ચ અને પરવાનગી ફીની ચૂકવણી માટે એકત્રિત કરાય છે. ન્યાયાધીશ જે. બી. પારડીવાલાએ આ અરજીઓને 'ખોટી રીતે તૈયાર' ગણાવી.

વૉડાફૉન આઈડિયા દ્વારા AGR સંબંધિત જવાબદારીઓમાં 45 હજાર કરોડ રૂપિયાથી વધુની છૂટની માગ કર્યા બાદ આ નિર્ણય સંભળાવવામાં આવ્યો છે. ભારતી ઍરટૅલ અને તેના એકમ ભારતી હેક્સાકૉમે પણ આ પ્રકારની અરજી દાખલ કરી હતી, જેમાં 34 હજાર 745 કરોડ રૂપિયાની છૂટની માગ કરવામાં આવી હતી.

# JAISHANKAR EUROPE VISIT

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે આજે નેદરલૅન્ડના હેગ ખાતે વ્યૂહાત્મક નિષ્ણાતો સાથે બેઠક યોજી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જયશંકરે કહ્યું, 'નિષ્ણાતો સાથે તેમની સારી વાતચીત થઈ.' તેમણે કહ્યું, 'બહુધ્રુવીયતા અને વ્યૂહાત્મક સ્વાયત્તતાના યુગમાં ભારત અને નેદરલૅન્ડ તેમજ યુરોપિયન સંઘને વધુ ગાઢ રીતે જોડવા અંગે પણ વાતચીત થઈ.'

શ્રી જયશંકર નેદરલૅન્ડ, ડૅનમાર્ક અને જર્મનીના ત્રણ દેશની યાત્રાના પહેલા તબક્કામાં હૅગ પહોંચ્યા. યાત્રા દરમિયાન તેઓ ત્રણ દેશના ટોચના નેતાઓને મળશે. તેમજ ત્રણેય દેશના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક બાબતોની ચર્ચા કરશે.

# LEH KIREN RIJIJU

સંસદીય અને લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આજે લેહની મુલાકાત લીધી. દરમિયાન તેમણે જણાવ્યું, કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી બહુપક્ષીય સંસદીય સમિતિ બીજા દેશોની મુલાકાત લેશે અને વિશ્વના નેતાઓને ઑપરેશન સિંદૂર તેમજ આતંકવાદ સામે લડવાના ભારતના સંકલ્પ વિશે માહિતી આપશે.

શ્રી રિજિજૂએ ઉમેર્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનમાં ઉદભવતા આતંકી માળખાને તોડી પાડવા ઑપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. તેમણે લેહના શ્રદ્ધાંજલી પાર્ક ખાતે 19-મા જ્ઞાલસ્રસ કુશોક બકુલા રિનપોચેયની પ્રતિમાના અનાવરણ પ્રસંગે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, બકુલા રિનપોચે લદ્દાખના અગ્રણી આધ્યાત્મિક અને રાજકીય નેતા હતા, તેમણે બે કાર્યકાળ માટે મોંગોલિયાના રાજદૂત તરીકે પણ સેવા આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PUNJAB TWO SPIES ARRESTED

પંજાબ પોલીસે બે શંકાસ્પદ જાસૂસની ધરપકડ કરી છે. પોલીસે એક મહત્વના અભિયાન હેઠળ રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. પકડાયેલા બંને લોકો ભારતીય સેનાની માહિતી લિક કરી રહ્યા હતા.

પંજાબ પોલીસના પ્રમુખ ગૌરવ યાદવે જણાવ્યું, ગુરદાસપુરના સુખબીર સિંઘ અને કરણબીર સિંઘ ઈસ્લામાબાદ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં 'ઓપરેશન સિંદૂર' સંબંધિત માહિતી કે, જેમાં સેનાની હિલચાલ અને વ્યૂહાત્મક સ્થળની માહિતી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા- I.S.I.ને મોકલી રહ્યા હતા.

ગુરદાસપુર પોલીસે બંને શંકાસ્પદ જાસૂસના મૉબાઈલ ફૉનનું ન્યાયસહાયક પરિક્ષણ કર્યા બાદ આ પુષ્ટિ કરી છે. પોલીસે બંને પાસેથી ત્રણ મૉબાઈલ ફૉન અને જીવતા કારતૂસ કબજે કર્યા છે.

# NIA MILITANT

N.I.A- રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ ઉગ્રવાદી સમૂહ પીપલ્સ રિવૉલ્યૂશનરી પાર્ટી ઑફ કાંગલીપાક સાથે સંકળાયેલા એક ઉગ્રવાદીની ધરપકડ કરી છે. આ ઉગ્રવાદી ગત વર્ષે નવેમ્બરમાં મણિપુરના જૈરાવન ગામમાં એક મહિલાની હત્યા અને અનેક ઘરમાં આગ લગાવવા તથા લૂંટ જેવી ઘટનાઓના મુખ્ય ગેનેગારોમાંથી એક હતો.

N.I.A.ના જણાવ્યા મુજબ, રાજકુમાર મેપાકસનાને કેરળના કન્નૂર જિલ્લામાંથી પકડવામાં આવ્યો. N.I.A. અન્ય ગુનેગારોની શોધખોળ કરી રહી છે. N.I.A.એ મણિપુરના તેગ્નોપાલ જિલ્લાના મોરેહ વિસ્તારમાંથી I.R.B. ચોકી પર હુમલામાં સામેલ એક વ્યક્તિની પણ ધરપકડ કરી છે. ગયા વર્ષે 17 જાન્યુઆરીએ થયેલા આ હુમલામાં મણિપુર પોલીસના એક જવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે બે પોલીસકર્મી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

# ARMY CHIEF REVIEW

ભારતીય સેનાના અધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે રાજસ્થાનમાં લોન્ગેવાલામાં આવેલી ચોકીઓની મુલાકાત લીધી. કોણાર્ક કોરના જવાનો સાથેની વાતચીતમાં સેના અધ્યક્ષે 'ઑપરેશન સિંદૂર' દરમિયાન મહત્વની ભૂમિકા બદલ જવાનોને અભિનંદન પાઠવ્યા. જનરલ દ્વિવેદીએ ભારતીય વાયુસેના અને સરહદ સુરક્ષા દળ- BSFના સંકલનમાં કરાયેલી સંયુક્ત કાર્યવાહીની પણ સમીક્ષા કરી.

જનરલ દ્વિવેદીએ દુશ્મનના ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડવા બદલ પણ જવાનોની પ્રશંસા કરી. જૈસલમેરથી કચ્છ ક્ષેત્ર સુધી ફેલાયેલા રણ વિસ્તારમાં 'ઑપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સેના, વાયુ સેના અને BSF-એ ઝડપી અને સંકલિત કાર્યવાહી કરી હતી.

# BALOCHISTAN BLAST

પાકિસ્તાનમાં બલૂચિસ્તાન પ્રાન્તના કિલા અબ્દુલ્લાના ગુલિસ્તાન વિસ્તારમાં એક કારમાં થયેલા બૉમ્બ વિસ્ફોટમાં ચાર લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 20 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. તેમાંથી પણ આઠ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે.

ગુલિસ્તાન શહેરમાં ક્વેટા ચમન રાષ્ટ્રીય રાજમાર્ગ પર જબ્બાર વાણિજ્યિક બજારમાં આ વિસ્ફોટ થયો, જે પાકિસ્તાનના ફ્રન્ટીયર કૉર્પ્સના કિલ્લાથી અડીને આવેલું છે. વિસ્ફોટના કારણે આ વિસ્તારમાં અનેક દુકાન અને વાહન નષ્ટ થઈ ગયા તેમજ F.C. અદાલતની દિવાલને પણ નુકસાન પહોંચ્યું છે. વિસ્ફોટના કારણે બજારની અનેક દુકાનમાં આગ લાગી હોવાનું પણ સ્થાનિકોએ જણાવ્યું હતું.

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.

# KHELO INDIA

ખેલો ઇન્ડિયા અંતર્ગત સૌપ્રથમ વાર યોજાઈ રહેલા ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સનો આજે કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા બીચ ખાતે પ્રારંભ થયો. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાના હસ્તે ટૂંક સમયમાં આજે દીવમાં આ રમતોનું ઉદ્ઘાટન કરાશે.

શનિવાર સુધી રમાનારી આ છ દિવસની સ્પર્ધામાં દેશભરમાંથી એક હજારથી વધુ રમતવીરો ભાગ લેશે. તેમાં બીચ સૉકર, બીચ વૉલીબૉલ, બીચ કબડ્ડી, બીચ સેપક ટકરાવ, પેનકેક સિલાટ અને ઑપન વૉટર સ્વિમિંગ જેવી છ મૅડલ ઇવેન્ટ્સમાં સ્પર્ધાઓ યોજાશે. ઉપરાંત આ સ્પર્ધામાં બે અન્ય પ્રદર્શન રમત પણ બતાવવામાં આવશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મૅચ રમાઈ રહી છે. ઉત્તરપ્રદેશના લખનઉના ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.